અસ્થિભંગ , સાંધામાંથી ઉતરવુ અને મચકોડાઈ જવા ઉપર પહેલો ઉપચાર - આરોગ્ય .કૉમ - ગુજરાતી
Last Updated Tuesday, 17 January 2012 06:55

Fractures અસ્થિભંગ ઉપર પહેલા ઉપચારની ચિકિત્સા કઈ છે ?

- **દર્દીને શાંત રાખો અને ઇજા થયેલો ભાગ હલાવો નહી, જ્યાં સુધી નક્કી ન થાય કે તેને કેટલી ઇજા થઈ છે.**
- **દર્દીને ત્યાંથી ખસેડતા પહેલા તેને ઇજા થયેલા ભાગને સ્થાપિત કરવુ અથવા ખપાટિયુ બાંધવુ.**
- **હંમેશા દર્દીને સુતેલી સ્થિતિમાં ઇસ્પિતાલ લઈ જવો.**
- **દર્દીને કોઇ વાર ઉભો કરીને અથવા વાંકાવાળીને બેસાડવો નહી, જ્યાં સુધી તે બિલ્કુલ જરૂરી ન હોય.**

જો ખપાટિયુ ન મળે તો તેણે શું કરવુ ?

Splint **ત્યાં હંમેશા એક લાકડાનો ટુકડો અથવા એક લાકડી અથવા ગમે તેવો સીધો લાકડાનો સ્થિર ટુકડો વાપરવો, જે કામચલાઊ ખપાટિયાનુ કામ કરે છે. આના સિવાય વધારામાં એક અસ્થિભંગ હાથ શરીરની સાથે ખપાટિયામાં બંધી શકાય છે અને બીજા પગની સાથે ફાડ ચીરીને બંધી શકાય છે.**

શું ખપાટિયાને તેના ગંભીર અસ્થિભંગને , તેના તુટેલાની સાથે અને ગાદી સાથે બાંધી શકાય છે ?

હા, એક કપડાનો નાનકડો ટુકડો ગંભીર ઇજા થયેલા ભાગ ઉપર અને ખપાટિયા વગેરે ઇજાને વધારે ભાર ન આપવા બંધી શકાય છે.

ખપાટિયાને તેની જગ્યા ઉપર કેવી રીતે મુકી શકાય છે ?

ખપાટિયાની આજુબાજુમાં ઘણી જગ્યાએ ઉપર હાથનો રૂમાલ બંધીને અથવા ખમીસને ફાડીને તેને એક પાટા તરીકે વાપરી શકાય છે.

ખપાટિયુ બેસાડતા પહેલા ભાંગેલા અવયવની સાથે શું કરવુ ?

Fractured Limb **તેને જેટલુ સીધી પરિસ્થિતિમાં રાખી શકાય તેટલુ રાખવુ. તે ધીરેથી કરે કે જેથી દર્દીને તેના તુટેલા ભાગ ઉપર ઇજા ન થાય.**

કઈ સૌથી સારી પરિસ્થિતી છે જેમાં તમે હાથ ઉપર ખપાટિયુ બેસાડી શકો છો ?

સીધી પરિસ્થિતિમાં અથવા હાથને તમારા શરીરની સાથે બંધી શકો છો. આવી રીતે કરવાથી તમારૂ શરીર જ ખપાટિયાના જેવુ કામ કરશે.

કઈ સૌથી સારી પરિસ્થિતી છે જેમાં તમે પગ ઉપર ખપાટિયુ બેસાડી શકો છો ?

બાજુનો પગ તે ખપાટિયાના રૂપમાં વાપરી શકો છો કે જેનાથી તમારે ઇજા પામેલો પગ સીધો થઈ જાય અને બીજા પગ સાથે જોડાઈ જાય. આ મોટાભાગના કિસ્સાઓમાં એક ઉત્તમ ખપાટિયાનુ કામ કરશે.

બાંધ છોડેલા અસ્તિભંગ માટે શું વિશેષ પ્રકારની પહેલા ઉપચારની ચિકિત્સા જોઇએ છે ?

1 / 2

અસ્થિભંગ, સાંધામાંથી ઉતરવુ અને મચકોડાઈ જવા ઉપર પહેલો ઉપચાર - આરોગ્ય.કૉમ - ગુજરાતી
Last Updated Tuesday, 17 January 2012 06:55

- હા, જખમ એક સાફ કપડાથી ઢાંકવો જોઇએ અથવા તેના પર એક સાફ ટુવાલ બાંધવો જોઇએ.
- જો જખમ ઉપર સીધુ દબાણ લાવવાથી લોહી પડવાનુ નિયંત્રિત થતુ હોય તો રક્તસ્ત્રાવ બંધ કરવા માટે ધમનીને દબાવી રાખવાનુ સાધન લગાડવાની જરૂર નહી પડે.
- અંગ ઉપર ખપાટિયુ બાંધ્યુ પણ તૂટેલા ટુકડાની સ્થિતિમાં કોઇ બદલાવ માટે પ્રયત્ન નહી કરવો જોઇએ.

સુરક્ષિત રીતે રક્તસ્ત્રાવ બંધ કરવા માટે ધમનીને દબાવી રાખવાના સાધનને તમે કેટલી વાર રાખી શકશો ?

A tourniquet should be released every twenty minutes for a few minutes to restore circulation. During this time, pressure with one’s fingers should be applied over the bleeding artery.

2 / 2